નં.જી.આઈ.ડી.સી/ઓએન્ડએમ/સીઆઈઆર/વસુલાત/૨૦૨૦/૨૨
ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉધોગભવન ગાંધીનગર,
તા :૧૮/૦૬/૨૦૨૦.

// પરિપત્ર //

વિષય: નિગમની વસુલાતની કાર્યવાહીને વેગ મળે તે હેતું થી OTS(વન ટાઈમ સેટલમેન્ટ) યોજના હેઠળ દંડકીય વ્યાજ તથા વિલંબીત ચુકવણા પરના વ્યાજમાં રાહત આપવા બાબત.

સંદર્ભ :- (૧) નાણાં વિભાગના ઠરાવ ક્રમાક:અપબ/૧૦૨૦૨૦/૧૦૮/૧૯૫૨૨૪/ક, તા.૦૫/૦૬/૨૦૨૦

(૨) નિગમની કાર્યસુચી ક્રમાંક:૧/સરક્યુલેટીગ, તા.૧૭/૦૬/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક:૨૦, તા.૧૭/૦૬/૨૦૨૦

ગુજરાત સરકાર દ્વારા કોવિડ-૧૯ મહામારીથી ઉદભવેલ પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતીમાં રાજ્યના અર્થતંત્રને પુન:વેગવંતુ કરવા માટે વિવિધ ક્ષેત્રો માટે “ગુજરાત આત્મનિર્ભર પેકેજ” સંદર્ભ :- (૧) થી જારી કરવામાં આવેલ છે. સદર પેકેજ અન્વયે નિગમની વસુલાતની કાર્યવાહીને વેગ મળે તેમજ ઉધોગકારોને OTS યોજના હેઠળ દંડકીય વ્યાજ તથા વિલંબીત ચુકવણા પરના વ્યાજમાં રાહત આપવા અંગે ગુજરાત ઔધોગિક વિકાસ નિગમની ૫૦૬મી સભા બાદ રજુ કરવામાં આવેલ સરક્યુકીટીગ એજન્ડા પરત્વે જારી કરવામાં આવેલ ઠરાવ ક્રમાંક:૨૦, તા.૧૭/૦૬/૨૦૨૦ મુજબ આથી નીચે મુજબ નિતી જારી કરવામાં આવે છે.

ગુજરાત ઔધોગિક વિકાસ નિગમના ઉધોગકારોને નિગમ દ્વારા ફાળવેલ પ્લોટ/ શેડ/બહુમાળી શેડ/ક્વાર્ટર/ રહેણાંક પ્લોટ તેમજ વાણિજ્ય પ્લોટ ,ગોડાઉન, દુકાનો વગેરે ફાળવવામાં આવે છે. આવી ફાળવેલ મિલ્કતના બાકી લ્હેણાં માટે નિગમની વસુલાતની કાર્યવાહીને વેગ મળે અને ઉધોગ સાહસિકોને દંડકીય વ્યાજ અને વિલંબીત ચુકવણા ઉપરના વ્યાજમાં રાહત મળે તે હેતુથી વસુલાતને પાત્ર થતા વ્યાજ અને દંડકીય વ્યાજની રકમમાં રાહત/માફી આપવા બાબતની નિતી નીચેની શરતોને આધિન, આ યોજના પરીપત્ર જારી કર્યા તારીખથી ૩૧/૧૨/૨૦૨૦ સુધી અમલમાં મુકવામાં આવે છે.

(૧) આ યોજનાનો લાભ લેવા માટે ફાળવણીદાર ધ્વારા જે તારીખે ચુકવણું કરવામાં આવે તે તારીખ સુધીના તમામ બાકી લહેણાંની રકમ એકી સાથે ડીમાન્ડ ડ્રાફ્ટ કે પે- ઓર્ડર અથવા ઓનલાઇનથી એકી સાથે જમા કરાવવાની રહેશે.

(૨) આ યોજના પરીપત્ર જારી કર્યા તારીખથી તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી અમલમાં રહેશે.

(૩) આ યોજના હેઠળ ઉપર (૧) અનુસાર પુરેપુરી લ્હેણી રકમ જમા કરાવનાર ફાળવણીદારને લ્હેણી રકમ અંગેના વિલંબીત ચુકવણા બાબતે નિગમની નીતિ અનુસાર લાગુ પડતી ૩% દંડકીય વ્યાજની રકમ પુરેપુરી(૧૦૦%) માફ(રાહત) કરવામાં આવશે. તથા વિલંબીત વ્યાજ પેટે વસુલવાપાત્ર થતી રકમમાં ૫૦% રાહત આપવામાં આવશે.

(૪) આ યોજના હેઠળ પાણી પુરવઠા તેમજ ડ્રેનેજ ચાર્જીસની સંપુર્ણ બાકી લ્હેણી રકમની એક સામટી ચુકવણી કરવા માગતા એકમોને તેમની બાકી લ્હેણી રકમમાં વિલંબિત ચુકવણાં પરના વ્યાજમાં ૫૦%(પચાસ ટકા) તથા દંડકીય વ્યાજમાં સંપુર્ણ ૧૦૦%(સો ટકા)માફી(રાહત) આપવાની રહેશે.

(૫) અગાઉ જે કોઈ કિસ્સામાં દંડકીય વ્યાજ, વિલંબીત ચુકવણા પરનાં વ્યાજમાં કરવામાં આવેલ ચુકવણા પર કોઈપણ પ્રકારની રાહત આપવામાં આવશે નહી.

(૬) નિગમના તા.૨૮/૦૧/૨૦૧૬ ના મિલ્કતનો કબજો પરત આપવાના પરિપત્ર આધારે જે કિસ્સામાં મંજુરી મળે તેમાં આ યોજનાનો કોઈપણ પ્રકારનો લાભ આપવાનો રહેશે નહી.

(૭) કોર્ટ કેસના કારણે એકાઉન્ટ બ્લોક હોય એ પ્રકારના ફાળવણીદાર જો આ યોજનાનો લાભ મેળવવા માંગતા હોય તો તેમણે કોર્ટ કેસ પરત ખેંચી યોજનાનો લાભ મેળવવા અરજી કરે તે કિસ્સામાં વડી કચેરી ધ્વારા આ અંગે ગુણદોષના આધારે મંજુરી આપી શકાશે.

સદરહું પરિપત્રના અમલીકરણ અંગે કોઈ વિસંગતતા ઉદભવે તો તે બાબતે માન.ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી ને પૃચ્છા કરી નિરાકરણ કરવાનું રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,
જીઆઈડીસી, ગાંધીનગર.

પ્રતિ,

૧.નિગમના તમામ અધિકારીઓ તરફ જાણ સારૂ...
૨.પ્રમુખશ્રી,ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન ગાંધીનગર......તરફ જાણ સારૂ.
૩.નિગમના તમામ ઔધોગિક વસાહતોના માન્ય ઔધોગિક મંડળોના પ્રમુખશ્રીઓ.....તરફ જાણ સારૂ.
૪.મેનેજરશ્રી (એસએન્ડએ) જીઆઈડીસી, ગાંધીનગર....તરફ દરેક ફાળવણીદારોને મેસેજ તેમજ ઈ-મેઈલ દ્વારા જાણ કરવા તેમજ પરીપત્ર વેબસાઈટ પર મુકવા સારૂ.
૫. નિગમની ક્ષેત્રીય કચેરીઓ તરફ ...... ઓટીએસનું રજીસ્ટર નીભાવવા તેમજ દરેક લાભાર્થીઓ/ ફાળવણીદારોને અવશ્ય જાણ કરવા સારૂ.

રવાના કર્યુ

મેનેજર(મહેકમ)
જીઆઈડીસી, ગાંધીનગર.